# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક :૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

ESTD - 2007


Ref: જીટીયુ/વીસી/150 ગાંધીજયંતિ/2019-20/ 1224 | તારીખ: 30-01-2020

પ્રતિ,

કુલપતિશ્રી

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી

..........................................

વિષય: પૂ. બાપુની 150મી જન્મજયંતી ઉજવણી પ્રસંગ નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'ગાંધીવિચાર નિબંધસ્પર્ધા-2020'માં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા બાબતે...

મા. મહોદયશ્રી,

નમસ્કાર.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત પૂ.બાપુની 150મી જન્મજયંતી ઉજવણી પ્રસંગ નિમિત્તે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલાં વિદ્યાર્થીઓ/અધ્યાપકો માટે રાજ્ય સ્તરની 'ગાંધીવિચાર નિબંધસ્પર્ધા-2020'નું આયોજન **વિદ્યાર્થી અને અધ્યાપક એમ** બંને શ્રેણીમાં અલગ પારિતોષિકો **સહિત** કરવામાં આવ્યું છે, જે અંતર્ગત પ્રથમ ઇનામ રૂપિયા **21000/-**, બીજું ઇનામ રૂપિયા **11,000/-**, ત્રીજું ઇનામ રૂપિયા **7500/-**, ચોથું ઇનામ રૂપિયા **5000/-**, પાંચમું ઇનામ રૂપિયા **2500/-** અને રૂપિયા **1000/-**ના પાંચ પ્રોત્સાહક ઇનામો છે.

| શ્રેણી | નિબંધનો વિષય | કુલ પારિતોષિક |
|---|---|---|
| વિદ્યાર્થી | એકવીસમી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા | 10 |
| અધ્યાપક | એજન્ડા 2030 (SDG) સિદ્ધ કરવામાં ગાંધીવિચારની ભૂમિકા | 10 |

ઉપરોક્ત વિષય પર ગુજરાતી/હિન્દી/અંગ્રેજી કોઈ પણ ભાષામાં 3000 શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે. અન્ય વિગતો આ સાથે શામેલ છે, જે ધ્યાને લઈ 'ગાંધીવિચાર નિબંધસ્પર્ધા-2020'ની જાણ આપની યુનિવર્સિટી, યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજો/ભવનોના વિદ્યાર્થીઓ/અધ્યાપકોને થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ છે. અન્ય માહિતી/માર્ગદર્શન માટે કાર્યક્રમ સંયોજકશ્રી અને આસિસ્ટન્ટ રજિસ્ટ્રારશ્રી ડૉ. અશોક ચાવડાનો સંપર્ક મોબાઇલ/વોટ્સએપ 9426680633 થી તેમજ ar2@gtu.edu.in પર કરી શકાશે, જે જાણ સારૂં.

આભારસહ.

કુલપતિશ્રીનું કાર્યાલય, ન.કૃ.યુ., નવસારી
ઇ નં. 1224/2020
01 FEB 2020

આપનો વિશ્વાસુ,

ઈનવર્ડ નંબર 199
તારીખ 11/02/2020
નિયામક વિદ્યાર્થી કલ્યાણ, નવસારી

(ડૉ. નવીન શેઠ)

કુલપતિ

7.2.2020

નકલ રવાના: અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ



T-1 website

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)
ESTD - 2007

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ગુજરાત સરકાર પ્રેરિત અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી આયોજિત
પૂ. મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતી વર્ષ ઉજવણી નિમિત્તે

## 'ગાંધીવિચાર' નિબંધ-સ્પર્ધા-2020

### નિયમો

1. 'ગાંધીવિચાર' નિબંધસ્પર્ધા-2020માં ગુજરાત રાજ્યની સરકારી, ખાનગી, ડિમ્ડ એમ કોઈ પણ યુનિવર્સિટી, યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો/ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો નિઃશુલ્ક ભાગ લઈ શકે છે.
2. પ્રતિભાગી વિદ્યાર્થીએ/અધ્યાપકે આ સાથેનું રજિસ્ટ્રેશન ફોર્મ પૂર્ણ વિગતો સાથે પોતાની સંસ્થાના ઓળખપત્રની નકલ સહિત અવશ્ય મોકલવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ વિના નિબંધ સ્વીકાર્ય નહીં રહે.
3. પ્રતિભાગી વિદ્યાર્થીએ/અધ્યાપકે શ્રેણી અનુસાર જ આપેલા વિષય મુજબ 3000 શબ્દોની મર્યાદામાં ગુજરાતી/હિન્દી/અંગ્રેજી પૈકી કોઈ પણ એક ભાષામાં તા. 29-02-2020 સુધીમાં મળી રહે તે રીતે સ્પીડ પોસ્ટ દ્વારા કૉમ્પ્યૂટર પર ટાઇપ કરેલી હાર્ડ કોપિમાં જ તેમજ સોફ્ટ કોપિ MS Word માં ઇમેલ દ્વારા સમયમર્યાદામાં મોકલવાની રહેશે. (નિબંધ MS Word માં જ ગુજરાતી ભાષા માટે Shruti Font, હિન્દી ભાષા માટે Mangal Font અને અંગ્રેજી ભાષા માટે Times New Roman Font માં Font Size 12 અને શીર્ષક Font Size 13 માં હોવો જરૂરી છે. પીડીએફ/જેપીજી કે અન્ય ફોર્મેટ સ્વીકાર્ય નહીં રહે.)

| શ્રેણી | નિબંધનો વિષય | કુલ પારિતોષિક |
|---|---|---|
| વિદ્યાર્થી | એકવીસમી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા | 10 |
| અધ્યાપક | એજન્ડા 2030 (SDG) સિદ્ધ કરવામાં ગાંધીવિચારની ભૂમિકા | 10 |

નિબંધોની ચકાસણી બાદ બંને શ્રેણીમાં અલગથી નીચે મુજબ 10 પારિતોષિકો જાહેર કરવામાં આવશે.

| પ્રથમ ઇનામ | બીજું ઇનામ | ત્રીજું ઇનામ | ચોથું ઇનામ | પાંચમું ઇનામ |
|---|---|---|---|---|
| રૂપિયા 21,000/- | રૂપિયા 11,000/- | રૂપિયા 7,500/- | રૂપિયા 5,000/- | રૂપિયા 2,500/- |
| ઉપરાંત રૂપિયા 1,000/- ના 1 એક એવા 5 પ્રોત્સાહક ઇનામો | | | | |

4. રૂબરૂમાં કોઈ પણ નિબંધ સ્વીકારવામાં નહીં આવે. પરિણામ/પ્રકાશન અંગે ફોન/ઇમેઇલ/મેસેજ/રૂબરૂ પૂછપરછ કરવી નહીં. વિજેતાઓને જીટીયુ ખાતે આયોજિત કાર્યક્રમમાં પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.
5. નિબંધ મોકલવાની અંતિમ તારીખઃ 29 ફેબ્રુઆરી, 2020
6. નિબંધ મોકલવાનું સરનામુઃ ડૉ. અશોક ચાવડા
   સંયોજક : 'ગાંધીવિચાર' નિબંધસ્પર્ધા-2020, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ-382424
   ઇમેઇલઃ ar2@gtu.edu.in

(ડૉ. અશોક ચાવડા)
કાર્યક્રમ સંયોજક

ગુજરાત સરકાર પ્રેરિત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી આયોજિત
પૂ. મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતી વર્ષ ઉજવણી નિમિત્તે
'ગાંધીવિચાર' નિબંધસ્પર્ધા-2020

વિદ્યાર્થી / અધ્યાપક સ્પર્ધા નોંધણી ફોર્મ (અવશ્ય મોકલવું)

| શ્રેણી | નિબંધનો વિષય | શ્રેણી મુજબ √ કરવું |
|---|---|---|
| વિદ્યાર્થી | એકવીસમી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા | |
| અધ્યાપક | એજન્ડા 2030 (SDG) સિદ્ધ કરવામાં ગાંધીવિચારની ભૂમિકા | |

1. પ્રતિભાગીની શ્રેણી : વિદ્યાર્થી / અધ્યાપક ........................................................
2. પ્રતિભાગીનું પૂરું નામ : ........................................................................
3. સરનામું : ........................................................................................
........................................................................................
........................................................................................
4. ઇમેલ આઇડી : ............................................................................
5. મોબાઇલ નંબર : ........................................................................
6. વોટ્સએપ નંબર : ......................................................................
7. સંસ્થાનું નામ : .........................................................................
8. સંસ્થાનું સરનામું : ....................................................................
9. સંલગ્ન યુનિવર્સિટી : ................................................................
10. હું બાહેધરી આપું છું કે મારો નિબંધ મૌલિક છે અને આ નિબંધ જીટીયુ દ્વારા પ્રકાશિત કરવામાં આવે તો મને કોઈ હરકત સરીખું નથી.

સ્થળ : ........................................ નામ : ..........................................................

તારીખ : ...... / ....... / 2020 સહી : ..........................................................